# સમાજના બે સ્તંભ : દીકરી અને પુત્રવધૂ

દીકરો એ બાપનું રૂપ છે તો દીકરી એ બાપનું સ્વરૂપ છે. દીકરી એટલે બાપની હૂંફની ગૂફા કે જેમાં બેસીને બાપ રાહતનો દમ ખેંચી શકે છે. બાપ માટે દીકરી અનન્યા છે. દીકરી વહાલનો દરિયો છે. દીકરો મોટો થઈને બાપને આર્થિક ઉપાર્જન કરીને ઘર ચલાવવામાં , સામાજિક વ્યવહારોમાં, પાછલી અવસ્થામાં ટેકો કે આધાર બનવામાં મદદરૂપ થાય છે. આમછતાં બધા જ પરિવારોમાં દીકરાઓ માબાપ સાથે સતત જોડાયેલા રહેતા હોત તો સમાજમાં વૃદ્ધાશ્રમો ઉભરતા ન હોત. બીજી બાજુ દીકરી પણ બાપને મદદરૂપ થાય છે. જેમાં દીકરીનો કોઈ સ્વાર્થ હોતો નથી. દીકરી સાસરે ગયા પહેલાં કે પછી પણ બાપનો સતત વિચાર કરતી હોય છે. દીકરીને પરણાવી દીધી એટલે દીકરી પારકા ઘરની સભ્ય બની જાય છે. પારકા ઘરની સભ્ય બનવા છતાં દીકરી પોતાના બાપને ક્યારેય ભૂલી નથી. દીકરી બાપ સાથે માંગણીના નાતે નહી, પણ લાગણીના નાતે જોડાયેલી હોય છે. ક્યારેક દીકરા વગરના બાપને કે બાપથી જુદા રહેતા દીકરાની ગેરહાજરીમાં જરૂર પડે દીકરી બાપને કાંધ પણ આપે છે. આપણા સમાજમાં સ્મશાનમાં સ્ત્રીઓ જતી નથી, પણ બાપઘેલી કેટલીક દીકરીઓએ સ્મશાનમાં જઈને પોતાના બાપને અગ્નિદાહ આપ્યો હોવાના ઘણા દાખલાઓ છે. દીકરીના બાપ બનવું એ નાનીસૂની ઘટના નથી. જેણે અગણિત પૂણ્ય કર્યા હોય એને ત્યાં જ દીકરી જન્મ લેતી હોય છે.

મા તે મા છે , એમ દીકરી એટલે દીકરી પણ છે, દીકરીને સવાઈ મા કહી શકાય. દીકરી પોતાના બાપની સેવા-સૂશ્રૂષા એવી રીતે કરે છે કે જાણે તે સવાઈ મા ન હોય ! સ્ત્રીનાં તમામ સ્વરૂપો દીકરીમાં સવાઈ જતાં જોઈ શકાય છે. કહેવત છે કે, "મા વિના સૂનો સંસાર", તો કહી શકાય કે, " દીકરી વિના અધૂરો સંસાર". સંસારમાં રહીને સાચા પ્રેમને પામવો અને ચાખવો હોય તો દીકરીના બાપ બનવું પડે. દીકરીના બાપ નસીબદાર વ્યક્તિ જ બની શકે. જે બાપને પોતાની દીકરી નથી તે બાપે આ સંસારમાં રહીને કશુક મોટું ગુમાવ્યું છે. આ વાતની પ્રતીતિ દીકરી વિહોણા કમનસીબ બાપને નહી થાય. આ પ્રતીતિ કરવા સદ્દનસીબ હોવું જોઈએ અને સદ્દનસીબ બનવા દીકરીના બાપ બનવું પડે. જે સ્ત્રીએ પાંચેય આંગળીએ પ્રભુને પૂજ્યાં હોય તેને ત્યાંજ દીકરી જન્મે છે ને તેનું આંગણું સુવાસથી સતત મહેકતું રહે છે. બુલબુલ કે કોયલના ટહૂકા તેને ત્યાં જ ગૂંજ્યાં કરતા હોય છે, જેને ત્યાં દીકરી પતંગિયાની માફક ઉડાઉડ કરતી હોય છે.

દીકરીને ઘડવામાં માનો ફાળો અનન્ય છે, તો બાપને ઘડવામાં દીકરીનો ફાળો અનન્ય છે. જેમ મા વિનાની દીકરી અધૂરી છે તેમ દીકરી વિનાનો બાપ અધૂરો છે. આ દુનિયાની એવી એક પણ દીકરી નહી હોય, જેણે પોતાના બાપને સાચવ્યો ન હોય અને પોતાના બાપની ચિંતા ન કરી હોય ! ઉંમરમાં નાની લાગતી દીકરી સમજણમાં મોટી હોય છે. પોતાની મનગમતી વાનગી ખાવા બેસતી દીકરી પહેલાં માને પૂછે છે કે, પપ્પા માટે રાખી છે ને ? રાત્રે પોતે પથારીમાં સૂઈ જઈને બાપને પલંગ કે ખાટલામાં સૂવાડતી આ દીકરીનો ઓરતો ક્યાં બાપને ન આવે? દીકરી પોતાના ખર્ચમાં કાપ મૂકીને બાપની આવકમાં ઘર ચલાવવામાં માને મદદ કરતી હોય છે. જેથી પોતાનો બાપ હળવાશથી સૂઈ જાય. બાપ દીકરીને વાપરવાનું કહે છે પણ દીકરી તો બચાવવામાં જ માનતી હોય છે. પોતાના બાપને વધુ ખર્ચ ન થાય તેની કાળજી દીકરી રાખતી હોય છે. **પોતાના ખર્ચમાં કાપ મૂકતી દીકરી** બાપ માટે વાપરવામાં પાછી પાની કરતી નથી. બાપના દરેક સવાલનો દીકરી પાસે એક જ જવાબ હોય છે, 'ચાલશે, ભાવશે અને ફાવશે'. ક્યારેય કોઈ માંગણી નહી, માત્ર લાગણી જ. સતત લાગણીથી નીતરતી દીકરી સાથે એક જ થાળીમાં ખાવાનું ક્યા બાપને ન ગમે? સાસરીમાંથી પિયર આવેલી દીકરી સાથે એક જ થાળીમાં

ખાવાનો મોકો બાપ માટે સંભારણું બની જાય છે. ક્યારેક તો પપ્પાની જીભ ફરતી હોય છે ત્યારે દીકરીના પગ ફરતા હોય છે , છતાં  દીકરીને થાક નથી લાગતો ! ઘરમાં પપ્પાની કઈ વસ્તુ ક્યાં છે તે સૌથી વધારે દીકરી જ જાણતી હોય છે. પોતાની કોઈ વસ્તુ શોધવા છતાં ન મળે ત્યારે પપ્પા સૌથી પહેલાં દીકરીને જ પૂછતા હોય છે. પપ્પાની બીમારી વખતે દરેક દીકરી મા બની જાય છે. બીમારીમાં સપડાયેલા બાપની ચાકરી માટે જ દીકરીનું સર્જન થયું હશે તેમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી જ. હોસ્પિટલમાં દાખલ થયેલ બાપ પાસે પહોંચવામાં દીકરો મોડો પડી શકે પણ દીકરી ક્યારેય મોડી પડી નથી.

એક મા જેમ પોતાના દીકરાને ખખડાવે છે એમ દીકરી પણ પોતાના બાપની મા બનીને ખખડાવતી હોય છે. મમ્મી કે ભાઈ પર ગુસ્સે થયેલ બાપની જીભ જયારે વેગવંતી ટ્રેનની ઝડપે ચાલતી હોય છે ત્યારે દીકરીના એક શબ્દ 'પપ્પા.......' બોલતાની સાથે જ પપ્પાની જીભને બ્રેક વાગી જાય છે. ઘરમાં મા કે દીકરાઓ સામે દાદાગીરી કરતો બાપ દીકરી સામે બિલાડી બની જાય છે. ઓફિસમાં સેવકોને કે કર્મચારીઓને ખખડાવતો બાપ દીકરી સામે ખખડવામાં સહેજ પણ સંકોચ અનુભવતો નથી. કદક એ સત્ય જ હશે કે , આ દુનિયાનો એક પણ બાપ એવો નહી હોય કે જે તેની દીકરીથી ખખડ્યો ન હોય. આવી ખખડવાની મજા માણવાનું નસીબ માત્ર દીકરીના બાપ પાસે જ હોય છે.

સુખી બાપની વ્યાખ્યા શી આપી શકાય ? જેની દીકરી સુખી તેનો બાપ સુખી. તે જ રીતે દુઃખી બાપની વ્યાખ્યા આપવી હોય તો કહી શકાય કે, જેની દીકરી દુ:ખી તેનો બાપ દુઃખી. આર્થિક રીતે ખૂબ જ ગરીબ બાપ પણ દીકરીને સુખી જોઇને મનોમન માલદાર બની જાય છે, તો આર્થિક રીતે કરોડપતિ બાપ દીકરીને દુઃખી જોઇને દુનિયાનો સૌથી ગરીબમાં ગરીબ વ્યક્તિ હોય તેવું અનુભવે છે. દીકરી એ તો બાપનો શ્વાસ અને વિશ્વાસ છે.

દીકરી પોતાના બાપને ઘેર એટલે કે પિયરમાં  હોય ત્યારે લોકો તેને 'પારકી થાપણ' કહે છે. કારણ કે, પરણીને તેણે બીજાના ઘેર જ જવાનું છે. આ દીકરી પરણીને સાસરે જાય ત્યારે ક્યારેક તેના માટે 'પારકી જણી" શબ્દ વપરાય છે. આમ દીકરી પિયરમાં હોય કે સાસરીમાં હોય, સૌ તેને પારકી જ ગણે છે, કોઈ તેને પોતાની નથી કહેતું. કેવો સ્વાર્થી છે સમાજ ? હકીકતમાં દીકરી એ તો દીવો છે. એ જ્યાં હોય ત્યાં ઉજાશ કરે છે. પિયરમાં હોય ત્યારે બાપના ઘેર અને સાસરીમાં હોય ત્યારે ત્યાં પણ ઉજાશ પાથરે છે, માટે જ સૌએ તેને પારકી ન ગણતા પોતાની જ ગણવી જોઈએ.

દીકરીને સાસરે વળાવવાનો પ્રસંગ કરુણમંગલ પ્રસંગ છે. આંસુ સાથે આનંદનો પ્રસંગ છે. આ પ્રસંગે દરેક બાપની આંખમાંથી ગંગા જમના વહે છે. પથ્થરદીલ બાપ પણ આ કરુણમંગલ પ્રસગે મીણની માફક પીગળી જતો હોય છે. આવો પ્રસંગ રામાયણ કે ગીતા કરતા સહેજ પણ ઓછો પવિત્ર નથી. આવા પ્રસંગે આંસુરૂપે પડતું દરેક ટીપું ગંગાના પવિત્ર જળ જેટલું જ પવિત્ર ગણાય. આવું દરેક આંસુ અમૃત જળ કહેવાય. જેને વહેવડાવવાનો મોકો ભાગ્યશાળી વ્યક્તિને જ મળે; અને આ ભાગ્યશાળી વ્યક્તિ એટલે દીકરીનો બાપ. દીકરી એ તો બાપનું આરોગ્ય છે. દીકરી એટલે કાળજાનો કટકો છે. આવા શુકનવંતા દરેક બાપને સો સો  સલામ કરવાની ઈચ્છા થાય તે સ્વાભાવિક છે.

વર્તમાન સમયમાં બાપના ઘેર દીકરીઓ પહેલાં કરતાં વધારે સ્વતંત્ર બની છે. બાપના ઘેર તેને પોતાની મરજી મુજબ, પોતાની રીતે જીવવાનો હક્ક છે. તે ધાર્યું કરે છે અને કરાવે છે. માબાપ પણ દીકરીને મહત્વ આપવા લાગ્યા છે, પણ આ દીકરી જયારે વધૂના સ્વરૂપમાં સાસરે જાય છે, ત્યારે એક જ સેકન્ડમાં તેનું અસ્તિત્વ બદલાઈ જાય છે. બાપના ઘેર ચકલીની માફક ઉડાઉડ કરતી દીકરી સાસરીમાં જાણે કે પાંજરે પૂરાઈ  જાય છે. બાપને ઘેર બુલબુલની જેમ ગૂંજન કર્યા કરતી દીકરી સાસરીમાં મૌનની

ભાષા શીખી જાય છે. બાપના ઘેર હુકમનો એક્કો બનીને રાજ કરતી આજની દીકરીઓ સાસરીમાં જાય છે ત્યારે મૌનની ભાષા શીખી જાય છે. તેટલું જ નહી સાસરિયાં પણ ક્યારેક કહેતા હોય છે કે, એમાં વહુને શું પૂછવાનું? આમ ભૂતકાળની સરખામણીએ આજના સમયમાં બાપના ઘેર દીકરીના સ્થાનમાં જેટલું પરિવર્તન આવ્યું છે તેટલું પરિવર્તન સાસરીમાં પુત્રવધૂના સ્થાનમાં આવ્યું નથી. હકીકતમાં પિયરમાં બાપને ઘેર દીકરીનું જે સ્થાન છે, જેટલો મોભો છે, જે મહત્વ છે, તે દરેક બાબત સાસરીમાં પણ પુત્રવધૂ માટે લાગુ પડવી જોઈએ. સાસરીમાં ઘરમાં લેવાતા નિર્ણયોમાં પુત્રવધૂને સામેલ કરવી જોઈએ. પોતાના બાપને ઘેર તેનો જેટલો હક્ક હતો એટલો જ હક્ક સાસરીમાં તેને આપવો જોઈએ. આમ છતાં આવું મોટાભાગે સાસરીમાં પુત્રવધૂ માટે જોવાં મળતું નથી. તેની સાથે દીકરીની સરખામણીમાં ઓરમાયું વર્તન કરવામાં આવે છે. પરણીને હજુ તો સાસરીમાં બે ડગ મૂકે છે ત્યાંજ પડોશની સ્ત્રીઓ પૂછતી હોય છે કે, વહુ શું શું લઈને આવી. હકીકતમાં એમ પૂછવું જોઈએ કે, વહુ શું શું છોડીને આવી.! ઘણાં પરિવારો પોતાની દીકરી માટે તેના સાસરિયા પાસે જે અપેક્ષાઓ રાખે છે, તે બાબતો પોતાના ઘરમાં પુત્રવધૂ બનીને આવેલી કોઈની દીકરીને સંતોષતા નથી. આજે પણ મોટાભાગે સાસુ-વહુ વચ્ચેના સંબંધો મા-દીકરી જેવા જોવા મળતા નથી. સાસુ-સસરા અને નણંદે પોતાના વિચારોમાં પરિવર્તન લાવવાની જરૂર છે. સમાજમાં પુત્રવધૂના સ્થાનમાં હકારાત્મક પરિવર્તન લાવવું તે સુશિક્ષિત, પ્રગતિશીલ સમાજની નિશાની છે.

કોઈકની દીકરી લગ્ન કરીને વહુ બનીને જયારે સાસરીમાં આવે છે ત્યારે આવતાની સાથે જ તેને ઘરકામમાં જોતરી દેવામાં આવે છે. “સારું જમવાનું બનાવે છે “ એમ કહીને ગૌરવ લેતી સાસુમાને વહુના કલા -કૌશલ્યો કે અન્ય આવડત, રસ, જ્ઞાન વગેરે વિશેની જાણકારી મેળવવાનું જરૂરી લાગતું નથી. ઘરમાં શું ખાવું, શું લાવવું, ક્યાં જવું, નોકરી કરવી કે નહી વગેરે સાસરિયાએ જ વિચારવાનું. દીકરીમાંથી વહુ બનતા જ જાણે એક વ્યક્તિત્વનો નાશ થઇ જાય છે અને જે નવું વ્યક્તિત્વ ઊભું થાય છે તે બાપડું અને બિચારું બની જાય છે. પોતાની જાતને ભણેલા કે સુશિક્ષિત ગણતા આ લોકો સાવ નઠોર બની જાય છે. પોતાની દીકરીને ત્યાગમૂર્તિ અને નસીબદાર ગણતા લોકો  વહુ બનીને આવેલી અન્યની દીકરી માટે એવું નથી વિચારતા. આવા લોકોને પ્રશ્ન પૂછવાનું મન થાય કે, પોતાની દીકરીને જેટલી બાબતોમાં જેટલી સ્વતંત્રતા આપો છો તેટલી સ્વતંત્રતા પોતાની પુત્રવધૂને આપો છો?. પોતાની દીકરીના વિકાસ માટે જેટલી ચિંતા કરો છો  એટલી ચિંતા પોતાની પુત્રવધૂ માટે કરો છો ? પિયરમાંથી સાસરીમાં એક નવા જ વાતાવરણમાં નવા જ સભ્યો સાથે આવેલી પુત્રવધૂને સલાહ- શિખામણ કરતાં સહકાર અને હૂંફની વધુ જરૂર છે. પોતાની દીકરીને લાડ કરતાં અને ઊંચી રાખતા માબાપ પોતાની પુત્રવધૂને પ્રોત્સાહનના બે શબ્દો પણ કહેતાં નથી. હકીકતમાં પુત્રવધૂનું સ્થાન પુત્ર કરતા વધુ હોવું જોઈએ.

પોતાના પરિવારને ખીલવવો છે ? સુગંધથી મહેંકતો કરવો છે? આનંદથી ભર્યો ભર્યો રાખવો છે ? તો વહુને સવાઈ દીકરી બનાવો. તમારા કુટુંબના વિકાસ માટે પુત્રવધૂને વિકાસની પૂરતી તકો આપો. જેની પુત્રવધૂ વિકસિત તેનું કુટુંબ વિકસિત. પુત્રવધૂ જેટલી ખુશ તેટલું કુટુંબ ખુશ. ભાવી પેઢીના ઘડતર અને વિકાસ માટે સમાજના મુખ્ય બે સ્તંભ દીકરી અને પુત્રવધૂ મજબૂત હોવા જોઈએ.